ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૧૯ 2386-419
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. ૨૫/૦૧/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

**વિષય :** તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ બુધવારના રોજ શહીદ દિન નિમિત્તે મૌન પાળવા તથા શહીદ વીરોના બલિદાનને ઉચિત ગૌરવપૂર્ણ કાર્યવાહી કરવા બાબત

**સંદર્ભ :** ક્રમાંક-પરચ-૧૨૨૦૧૯-૭૬-વ.૨ , શિક્ષણ વિભાગ , તા. ૨૧/૦૧/૨૦૧૯

ઉપરોક્ત વિષય પરત્વેના શિક્ષણ વિભાગ તા. ૨૧/૦૧/૨૦૧૯ ના પત્ર ક્રમાંક- પરચ-૧૨૨૦૧૯-૭૬-વ.૨ .ની તથા સામાન્ય વહીવટ વિભાગ તા. ૧૫/૧/૨૦૧૯ ના પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનું કે , તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯ બુધવારના રોજ શહીદ દિન નિમિત્તે મૌન પળવા તથા શહીદ વીરોના બલિદાન માટે ઉચિત ગૌરવપૂર્ણ ઉજવણી કરવા માટે સામેલ પરિપત્રમાં જણાવેલ સુચનો મુજબ આગળની નિયમાનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

ક્રમાંક / ૪૮૩૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ- 28 -1 -2019

— નકલ રવાના તથા અમલ કરવા સારૂ.
૨/— આ સાથે સામેલ પત્ર મુજબ કાર્યવાહી કરવાનું રાખવું.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
તમામ,
બનાસકાંઠા, પાલનપુર

તાત્કાલિક/સમયમર્યાદા

ક્રમાંક- પરચ-૧૨૨૦૧૯-૭૬-વ.૨

માધ્યમિક

નંબર :- ૧૧૬
તારીખ :- ૨૨/૧/૧૯
પ્રા.એ.કાર્યાલય

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા-૨૧/૦૧/૨૦૧૯

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૩) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર

(૪) કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૫) કમિશ્નરશ્રી ટેકનિકલ શિક્ષણની કચેરી,બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, સેકટર-૧૦એ, ગાંધીનગર

(૬) કમિશ્નરશ્રી,મધ્યાહ્ન ભોજન યોજના,બ્લોક નં ૧૪, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૭) સ્ટેટ પ્રોજેક્ટ નિયામકશ્રી,સર્વ શિક્ષા અભિયાન,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેકટર નં ૧૭ ગાંધીનગર

(૮) અધ્યક્ષશ્રી,માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર નં ૧૦બી, ગાંધીનગર

(૯) નિયામકશ્રી,સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,ડો.જીવરાજમહેતા ભવન,ગાંધીનગર

(૧૦) નિયામકશ્રી,ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ,સેકટર-૧૦,ગાંધીનગર

(૧૧) સચિવશ્રી ગુજરાત રાજ્ય પરિક્ષા બોર્ડ, સેક્ટર ૨૧ ગાંધીનગર

(૧૨) નિયામકશ્રી એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા,અમદાવાદ.

(૧૩) નિયામકશ્રી શૈક્ષણિક ટેકનોલોજી ભવન, અમદાવાદ

(૧૪) સેક્શન અધિકારીશ્રી, (મહેકમ શાખા) શિક્ષણ વિભાગ સચિવાલય,ગાંધીનગર.

વિષય:- તા.૩૦મી જાન્યુઆરી,૨૦૧૯ બુધવારના રોજ શહીદ દિન નિમિત્તે મૌન પાળવા તથા શહીદ વીરોના બલિદાનને ઉચિત ગૌરવપૂર્ણ કાર્યવાહી કરવા બાબત..

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના સામાન્ય વહીવટ વિભાગ તા.૧૫/૧/૨૦૧૯ના પરિપત્ર ક્રમાંક- ડીએમસ્ટેસ-૧૦૨૦૧૨-૫૧૨-ઘ.ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનું કે, તા.૩૦મી જાન્યુઆરી,૨૦૧૯ બુધવારના રોજ શહીદ દિન નિમિત્તે મૌન પાળવા તથા શહીદ વીરોના બલિદાન માટે ઉચિત ગૌરવપૂર્ણ ઉજવણી કરવા સારૂ સામેલ પરિપત્રમાં જણાવેલ સુચનો મુજબ આગળની નિયમાનુસારની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(આર.જે.દેસાઇ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ:- ઉપર મુજબ

Scanned with CamScanner

તારીખઃ ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯, બુધવારના રોજ શહીદ દિન નિમિત્તે મૌન પાળવા તથા શહીદ વીરોના બલિદાનને ઉચિત ગૌરવપૂર્ણ કાર્યવાહી કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ ટીએમએસ-૧૦૨૦૧૨-૧૧૨-ઘ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૫/૦૧/૨૦૧૯

પરિપત્ર

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯, બુધવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ વાગે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવે છે અને આખા દેશમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહન વ્યવહારની ગતિ તે બે મિનિટ પૂરતી બંધ રાખવામાં આવે છે.

૨. આગામી ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૯, બુધવારના રોજ શહીદ દિન નિમિત્તે સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા અંગે નીચે મુજબની સુચના આપવામાં આવે છે.

(૧) ૩૦મી જાન્યુઆરી શહીદ દિનના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સમગ્ર રાજયમાં બે મિનિટ મૌન પાળવાનું અને કામકાજની અને વાહન વ્યવહારની ગતિ તેટલો સમય બંધ રાખવાની રહેશે.

(૨) જે સ્થળે સાયરનની વ્યવસ્થા કે સેનાની તોપની વ્યવસ્થા હોય ત્યાં સવારે ૧૦.૫૯ કલાકે એક મિનિટ માટે એટલે કે, ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડી કે તોપ ફોડી બે મિનિટ માટે મૌન પાળી સુચના આપવાની રહેશે અને બે મિનિટ બાદ એટલે કે ૧૧.૦૨ કલાકથી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વગાડવાની રહેશે અને ત્યારબાદ રાબેતા મુજબનું કામકાજ શરૂ કરવાનું રહેશે.

(૩) જે સ્થળોએ સાયરન કે ઉપર મુજબના સંકેતની વ્યવસ્થા ઉપલબ્ધ હોય ત્યાં સાયરન સંભળાય એટલે સૌ પોત પોતાની જગ્યાએ શાંત ઉભા રહી, શક્ય હોય તો ભેગા મળી મૌન પાળવાનું રહેશે.

(૪) જે સ્થળોએ સાયરન કે અન્ય કોઇ સંકેતની વ્યવસ્થા ન હોય ત્યાં ૧૧.૦૦ કલાકે બે મિનિટ માટે મૌન પાળવા સારૂ સંબંધિતોને જાણ કરતા આદેશો બહાર પાડવાના રહેશે.

૩. શહીદો પ્રત્યેનું ઋણ અદા કરવાનો આ અવસર ગંભીરતાથી લેવાય અને શહીદો પ્રત્યે શ્રધ્ધા

Scanned with CamScanner

આપે તે માટે શહીદ દિને નીચે મુજબના પગલાં લેવા કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયની સ્થાયી સુચના મુજબ નીચેની સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૧) શહીદ દિનનું મહત્વ સમજાય અને યોગ્ય રીતે શહીદ દિન મનાવાય તે માટે રાજયની તમામ શૈક્ષણિક સંસ્થાઓ, બોર્ડ / કોર્પોરેશન વિગેરેમાં દેશની સ્વતંત્રતા અંગેના વકતવ્ય, સંવાદ વિગેરેનું એવી રીતે આયોજન કરવામાં આવે કે જેથી દેશને અનેક સંઘર્ષ બાદ મળેલ સ્વતંત્રતાનું મહત્વ સમજાય તથા રાષ્ટ્રિય એકતાની ભાવના લોકોમાં ઉભી થાય.

(૨) પ્રસારણ ક્ષેત્રના યુનિટો દ્વારા ભારતીય સ્વતંત્ર્યતા સંગ્રામમાં શહીદ વીરોની ભૂમિકા અને રાષ્ટ્રિય એકતા જેવા વિષયો પર સાંસ્કૃતિક કાર્યક્રમ / ફિલ્મ કે વૃત્ત ચિત્રોનું આયોજન કરવું.

(૩) રાજયના વિવિધ વાણિજય અને ઉધોગ સંઘો દ્વારા પણ શહીદ દિન યોગ્ય રીતે મનાવવામાં આવે તે જોવા સંબધિત વહીવટી વિભાગોને સુચના આપવામાં આવે છે.

૪. ઉપરોકત વિગતે તમામ વિભાગોએ તથા વિભાગ હેઠળના ખાતાના વડાઓ, બોર્ડ / કોર્પોરેશન, શૈક્ષણિક સંસ્થાઓ વિગેરેમાં શહીદ દિન યોગ્ય રીતે અને ભારત સરકારની ઉપરોકત સુચનાઓ મુજબ મનાવાય તે માટે જરૂરી સુચનાઓ પાઠવવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
(જવલંત ત્રિવેદી)
અધિક સચિવ (પ્રો)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ
માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.
માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.
માન. અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન. મંત્રીશ્રી / રાજયકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
માન. મુખ્ય દંડકશ્રી / નાયબ મુખ્ય દંડકશ્રી / દંડકશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, ગાંધીનગર.

Scanned with CamScanner